## મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી કરાઈ

મહેસાણા, તા. ૨૯

હોકીની રમતમાં ઓલિમ્પિકમાં દેશને સતત ત્રણવાર ગોલ્ડ મેડલ અપવાનાર મેજર ધ્યાનચંદના જન્મદિવસ ૨૯ ઓગષ્ટે દેશભરમાં રાષ્ટ્રીય ખેલ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ સ્વાસ્થ પ્રત્યે જનજાગૃતિ કેળવવા નવી દિલ્હી ખાતેથી આજે ‘‘ફીટ ઈન્ડિયા મુવમેન્ટ’’નો શુભારંભ કરાવ્યો હતો. જે અંતર્ગત મહેસાણા ટાઉનહોલ ખાતે રમતવીરોનું સન્માન અને ફીટ ઈન્ડિયાના શપથ લેવડાવ્યા હતા.

વ્યાયામથી તંદુરસ્તી વધે છે, જીવન નિરામય બને છે, દીર્ઘાયુતા મળે છે અને સુખી થવાય છે. મહેસાણા જિલ્લા પોલીસ હેડ ક્વાટર્સ ખાતે વિવિધ રમતો યોજીને ખેલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાભરની શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, યુવા મંડળો, રમતગમત મંડળો, સ્વામી વિવેકાનંદ મંડળો, નહેરૂ યુવા કેન્દ્ર, ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટસ સંકુલ, નાગરિકોએ વિવિધ રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# ડીસામાં રખડતા ઢોરથી આમ પ્રજા બાનમાં

## મોતના બનાવો છતાં કોઈ પગલાં ભરાતા નથી : વર્ષો જૂની સમસ્યા દૂર કરવામાં પાલિકા નિષ્ફળ

ડીસા, તા. ૨૯

બનાસકાંઠાની આર્થિક પાટનગરી નગરી એવા ડીસા શહેરમાં પાલિકા દ્વારા શહેરના તમામ માર્ગો શહેરીજનોની સુખાકારી માટે નિર્મિત કરાયા છે પરંતુ સ્થિતિ જુદી છે. શહેરના આ તમામ મુખ્ય માર્ગ જેવા કે સરદારબાગ, જલારામ સર્કલ, એસ.સી.ડબ્લ્યુ.સર્કલ, ફુવારા સર્કલ, અંબિકચોક રોડ, ગાયત્રી મંદિર, મુખ્ય હાઈવે સહિતના તમામ માર્ગો પર વાહનોની સાથે સાથે રખડતા ઢોર વહેલી સવારથી જ મોડી રાત સુધી અડિંગો જમાવી બેસી જાય છે. કેટલાક હરખપદુડા જીવદયા પ્રેમીઓ આ રોડ ઉપર જ ઘાસચારો નાખી દેતા સ્થિતિ વણસી જાય. એક તરફ વહેલી સવારથી જ સ્કૂલે જતા બાળકો, સિનિયર સીટીજન અને રાહદારીઓને આ રખડતા ઢોર અવારનવાર અડફેટે લેતા હોય છે જેના અનેક બનાવો પોલીસ ચોપડે નોંધાઈ ચુક્યા છે. થોડા સમય



અગાઉ ડીસાના માર્કેટયાર્ડ સર્કલ નજીક નીરવ શાહ નામના યુવકના એક્ટિવાને આખલાએ અડફેટે લેતા તેને ગંભીર ઈજા ઓ થઈ હતી અને સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું, ત્યારબાદ ડીસાના લોધાવાસ ખાતે રહેતા અશોક શંકરલાલ ગોસ્વામી નામના યુવકને પણ રખડતા ઢોર દ્વારા ઈજા પહોચતા તેનું પણ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું તેમજ તાજેતરમાં જ ડીસાના રેલવેસ્ટેશન વિસ્તારમાં રહેતા વિષ્ણુભાઈ શર્માને પણ રખડતા આખલાએ ગરદનના ભાગે ઈજા કરતા મુશ્કેલીમાં મુકાયા હતા.

ત્યારબાદ તમન્ના સોસાયટીમાં રહેતા ફહીમ જાન મહોમન્દને ડીસા હાઈવે નજીક આખલાએ અડફેટે લેતા હાલ મહેસાણા ખાતે સારવાર હેઠળ છે, જ્યાં તેની સ્થિતિ નાજુક છે આવા અનેક અકસ્માત રખડતા ઢોરના કારણે બની ચુક્યા છે. જોકે આ રખડતા ઢોરને પકડવાનો કોન્ટ્રાકટ ડીસા નગર પાલિકા દ્વારા અપાઈ ચુક્યો હોવા છતાં આ રખડતા ઢોરની સંખ્યામાં ઘટાડો થતો નથી. પાલિકાના સૂત્રો દ્વારા જણાવવામાં આવે છે કે ઢોર પકડવાની કામગીરી ચાલુ છે, ત્યારે શહેરીજનોમાં અવારનવાર એક સવાલ ઉઠી રહ્યો છે કે ડીસા શહેરના માર્ગોને બાનમાં લેનાર આ રખડતા ઢોરોને પાલિકાતંત્ર ક્યારે હટાવવામાં સફળ થશે ?

## હિંમતનગરમાં જિલ્લા કક્ષાના ફીટ ઈન્ડિયા કાર્યક્રમમાં ૩ લાખથી વધુ લોકોએ ભાગ લીધો

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે સમગ્ર દેશમાં ફીટ ઈન્ડિયા મુવમેન્ટનું લોન્ચિંગ કરાવીને વિદ્યાર્થીઓને શારિરીક તંદુરસ્તી જાળવવા માટે અનુરોધ કરીને હોકીના જાદુગરની જન્મજયંતી ઉજવી છે. ત્યારે તેના ભાગરૂપે હિંમતનગરમાં જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. તથા વિવિધ તાલુકાઓમાં મળી અંદાજે ત્રણ લાખથી વધુ લોકોએ ભાગ લઈ ફીટ ઈન્ડિયા મુવમેન્ટની હોંશભેર ઉજવણી કરી હતી.

આ અંગે જિલ્લા કલેક્ટર તથા અન્ય ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં હિંમતનગરની મિત હાઈસ્કૂલમાં યોજાયેલ કાર્યક્રમમાં રસ્સાખેંચ સ્પર્ધાથી કાર્યક્રમનો પ્રારંભ કરાવાયો હતો. તથા અધિકારીઓએ વિદ્યાર્થીઓને વિદ્યાર્થીકાળ દરમ્યાન વિવિધ રમતોમાં રસરૂચિ કેળવીને પોતાના શરીરનું શૌષ્ઠવ જાળવી રાખવા તથા તંદુરસ્તી માટે રમત જરૂરી હોવાનું જણાવ્યું હતું.

## રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગની કામગીરી અને યોજનાઓની જાણકારી અંગેની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે કલેક્ટર કચેરીના સભાખંડમાં ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર) અને જિલ્લા સમાજ કલ્યાણ કચેરી અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગની કામગીરી અને યોજનાઓની જાણકારી અંગેની બેઠક આયોગના અધ્યક્ષ હંસરાજ જી. ગજેરાની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી.

આ બેઠકમાં અધ્યક્ષે બિન અનામત વર્ગોમાં સમાવિષ્ટ વર્ગોને પ્રમાણપત્ર મેળવવા માટેના પુરાવા તેમજ બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા વિવિધ શૈક્ષણિક, ભોજન બિલ સહાય, કોચિંગ સહાય, જીઈઈ, ગુજકેટ, નીટ પરીક્ષા માટે કોચિંગ સહાય, સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય, વિદેશ અભ્યાસ લોન, સ્નાતક તબીબી, વકીલ, ટેકનીકલ સ્નાતક માટે લીધેલ લોન પર વ્યાજ સહાય, શૈક્ષણિક અભ્યાસ યોજના (લોન), વિદેશ અભ્યાસ લોન, સ્વરોજગારલક્ષી યોજનાઓ (લોન), કોમર્શિયલ પાયલોટ તાલીમ માટેની લોન વગેરે કલ્યાણકારી યોજનાઓની વિગતો આપી તેનો લાભ લેવા જણાવ્યુ હતુ.

આયોગના ઉપાધ્યક્ષ રશ્મીકાંત પંડ્યાએ બિન અનામત વર્ગોની યોજનાઓ વિશે સક્રિયતાની જરૂરિયાત રાખી સામાજિક સમરસતા દાખવી સમાજના સર્વાંગી વિકાસ કઈ રીતે કરી શકાય તે તરફ ધ્યાન રાખી યોજનાના લાભ લેનવા જણાવ્યુ હતુ.

આયોગના સભ્ય સચિવ ડૉ. દિનેશ કાપડિયાએ બિન અનામત વર્ગોના આયોગ અને નિગમના ઉદ્દેશો અને કાર્ય વિશે વિસ્તૃત વિગતો આપી હતી.

અરવલ્લી જિલ્લા કલેકટર એમ. નાગરાજને બિન અનામત વર્ગોનો આપવામાં આવતી યોજના આપવા અને સમાજનો સર્વાંગી વિકાસ થાય તે માટે વહીવટીતંત્ર દ્વારા પુરેપુરા પ્રયાસો કરી રહી હોવાનું જણાવ્યુ હતુ.

આ બેઠકમાં આયોગના સભ્યો દ્વારા જરૂરી સુચનો કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, સમાજ કલ્યાણ અધિકારી, અમલીકરણ અધિકારી, બિન અનામત વર્ગોના જિલ્લાના સભ્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠા જિલ્લા યુવા ભાજપ પ્રમુખે પોતાને બદનામ કરનારા શખ્સ સામે ફરિયાદ નોંધાવતા ચકચાર

બનાસકાંઠા જિલ્લા યુવા ભાજપ પ્રમુખને બદનામ કરતી એક પોસ્ટ તાજેતરમાં સોશિયલ મિડીયામાં વાયરલ થતાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ અંગે તેમણે જે શખ્સે આ પોસ્ટ જે મોબાઈલ નંબર ઉપરથી પોસ્ટ કરી હતી તેના ઉપર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સમગ્ર ઉત્તર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોમાં ચર્ચાની એરણે ચડેલી વિગતો મુજબ, તાજેતરમાં એક રાજયકક્ષાના અખબારમાં બનાસકાંઠાના એક યુવા નેતાના કથિત કરતૂતોને ઉજાગર કરતો નામ-ઠામ વગરનો કિસ્સો પ્રસિદ્ધ થયો હતો. જોકે, તેમાં યુવા નેતા કે કોઈ રાજકીય પક્ષનું નામ ન હતું.

જોકે, યુવા નેતાના સમાચારના અખબારી કટિંગ સાથે બનાસકાંઠા જિલ્લા યુવા ભાજપ પ્રમુખ હરેશ ચૌધરીના નામનો ઉલ્લેખ કરી મોબાઈલ નંબર ૬૩૫૫૪૮૬૮૩૦ ધરાવતાં શખ્સે આ પોસ્ટ તાજેતરમાં સોશિયલ મિડીયામાં વાયરલ કરતાં ભારે ચકચાર મચી જવા પામી હતી. ત્યારે જિલ્લા યુવા ભાજપ પ્રમુખ હરેશ ચૌધરીએ જે શખ્સે આ પોસ્ટ જે મોબાઈલ નંબર ઉપરથી પોસ્ટ કરી હતી તેના ઉપર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

દરમિયાન હરેશ ચૌધરીએ પાલનપુર ખાતે મિડીયા સમક્ષ જણાવ્યું હતું કે, સમગ્ર પ્રકરણમાં મને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અખબારના કટિંગ સાથે મારૂ નામ સાંકળી તે પોસ્ટ વાયરલ કરનારા મોબાઈલ નંબર ધારક શખ્સ સામે મેં ફરિયાદ નોંધાવી છે. જેની પોલીસે પૂછતાછ હાથ ધરી છે. પત્રકારો દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં હરેશ ચૌધરીએ યુવા રાષ્ટ્રીય કારોબારી સભ્ય હિતેશ ચોધરી સહિત બે શખ્સોએ આ કાવતરું રચ્યું હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, હિતેશ ચૌધરી મારા જુના મિત્ર છે. પરંતુ હું જે રીતે સમાજમાં સેવા કાર્યો થકી આગળ આવી રહ્યો છું. તે કદાચ તેમને ગમતું નથી. અને રાજકારણમાં હું તેમની આડે ન આવું તે માટે મારી કારકિર્દી ખતમ કરવા માટે આ કાવતરૂ રચવામાં આવ્યું હતું. હરેશ ચૌધરીએ જણાવ્યું હતું કે, મને બદનામ કરવા માટે પોસ્ટ મુકનારા શખ્સના ભાઈએ મારી આગળ સમગ્ર હકીકત કબૂલી છે.

## ભોલેશ્વર-પરબડાના બિસ્માર રોડથી પ્રજા પરેશાન : કલેક્ટરને આવેદનપત્ર અપાયુ

હિંમતનગર, તા. ૨૯

હિંમતનગરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ પરબડા-ભોલેશ્વર રોડ પર છેલ્લા કેટલાક સમયથી મોટા ગાબડા પડી ગયા છે. જેના લીધે વાહનચાલકોને શહેરમાં આવવા માટે ટુંકા ગણાતા આ રોડનો ઉપયોગ કરવાને બદલે મહેતાપુરા અથવા તો બાયપાસ થઈ મોતીપુરા સર્કલ સુધી લાંબા થવુ પડ્યુ છે. જેથી આ રોડનું સત્વરે સમારકામ કરાવવા માટે માર્કસવાદી સામ્યવાદી પક્ષના કાર્યકરો તથા આ વિસ્તારના રહીશોને ગુરૂવારે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપીને સત્વરે રોડનું સમારકામ કરાવાવની માંગ કરી છે.

આ આવેદનપત્રમાં જણાવાયા મુજબ હિંમતનગરના પશ્ચિમ વિસ્તારમાં હાથમતી નદીના કિનારે ભોલેશ્વર દાદા બિરાજમાન છે. તેથી અનેક ધર્મપ્રેમી જનતા અવારનવાર દર્શને આવે છે તથા આ જ વિસ્તારમાં સ્વામી વિવેકાનંદ સ્ટેડીયમ આવેલુ છે. જેથી રોજબરોજ શહેરના અનેક યુવાનો સ્નાનાગરનો ઉપયોગ કરતા હોવાથી વહેલી સવારે પોતાના વાહનો લઈને સ્ટેડીયમમાં આવે છે.

સાથોસાથ સ્ટેડીયમમાં વિશાળ મેદાન હોવાને કારણે યુવાનો દોડવા માટે ધસારો કરે છે. દરમ્યાન પરબડાથી ભોલેશ્વર વચ્ચેનો રોડ વરસાદને કારણે એટલો બધો કરાબ થઈ ગયો છે કે વાહન લઈને અહીથી નીકળવુ ખુબ મુશ્કેલ છે. તેમ છતાં તંત્રના વાંકે બિચારી આમ પ્રજા પાસે ટૂંકા રસ્તાનો કોઈ વિકલ્પ ન હોવાને કારણે પરાણે આ રોડ પર થઈને પસાર થાય છે. જેના કારણે અનેક નાના વાહનચાલકોના વાહનોને નુકસાન થઈ રહ્યુ છે.

## પ્રાંતિજ પોલીસે ગણતરીના કલાકોમાં જ ચોરીનો ભેદ ઉકેલી ચાર આરોપીઓને જેલ ભેગા કર્યા

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ મેનબજારમાં રાત્રીના સમયે દુકાનના પાછળના ભાગેથી બારી તોડી દુકાનમાં ઘુસીને ૪૩૦૦૦ની ચોરી થઈ હોવાની ફરીયાદ દુકાન માલિક દ્વારા પોલીસને કરતાં પ્રાંતિજ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ગણતરીના કલાકોમાં જ ચાર આરોપીઓને પકડી પાડયા હતા. ચારેય આરોપીઓ પાસેથી રોકડ રકમ પરચુરણ જપ્ત કરી જેલ ભેગા કર્યા હતા.

કહેવાય છે કે ચોરી થયેલ માલ કદી પાછો મળતો નથી કે આવતો પણ નથી પણ આ કહેવત પ્રાંતિજ પોલીસે અનેકવાર ખોટી સાબિત કરી છે. જી હા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ હરિશચંદ્રસિંહ, વિપુલભાઈ, વસંતભાઈ સહિતની ટીમ દ્વારા આ પહેલા પણ બે ઘરફોડ ચોરીના ભેદ ઉકેલ્યા હતા અને તેમા પણ પ્રાંતિજ પોલીસના આ પ્રાંતિજ ટાઉન પોલીસ કોન્સ્ટેબલ હરિશચંદ્ર દ્વારા આરોપીઓને પકડી આરોપીઓ પાસેથી મુદામાલ ઝડપી મૂળ માલિકને પરત શોપ્યો હતો.

ત્યારે પ્રાંતિજના હાર્દ સમાન દેસાઈની પોળ ખાતે આવેલ મેનબજારમાંથી રાત્રીના સમયે શ્રીકૃષ્ણ દુધની દુકાનની પાછળની બારી તોડી દુકાનમાં ગલ્લામાં મુકેલ અલગ-અલગ દરની ચલણી નોટો તથા પરચુરણ મળીને કુલ ૪૩૦૦૦ હજારની કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા દુકાનમાથી ચોરી કરી લઈ ગયાની ફરીયાદ દુકાન માલિક નિરવભાઈ રસિકભાઈ મોદી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં કરતાં પ્રાંતિજ પીઆઈ કે.એસ. બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ ટાઉન જમાદાર હરિશચંદ્ર, વિપુલભાઈ, વસંતભાઈ સહિતની ટીમ ઘટનાસ્થળે આવી તપાસ હાથ ધરી હતી અને દુકાનમાં લગાવેલ રહે. પ્રાંતિજ પટેલવાસ નાની ભાગોળ વિસ્તાર, શાહરૂખ હાજીભાઈ શેખ ઉ.વર્ષ-૨૦ રહે. પ્રાંતિજ પાડાની પોળ, ઉલાહી ઉર્ફે સોહીલ સલીમમીયાં ઉસ્માનમીયાં પઠાણ



સીસીટીવી કેમેરા તથા આજુબાજુમાં દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરા ફૂટેજ લઈને ગણતરીના કલાકોમાં ચારેય આરોપીઓ જેમા ઈમરાનમીયાં ઉર્ફે જાની કમરૂમીયાં કુરેશી ઉ.વર્ષે-૩૦ રહે. પ્રાંતિજ ભટ્ટીવાડા પ્રાંતિજ, હિંમતલાલ મોહનલાલ ખત્રી (મારવાડી) ઉ.વર્ષ-૨૦ ઉ.વર્ષ-૧૯ રહે. પ્રાંતિજ બારકોટ વિસ્તારના ઓને પકડીને ચારેય આરોપીઓના ઘરેથી ચોરીનો મુદ્દામાલ કબજે કરી ચારેય આરોપીઓને જેલ ભેગા કર્યા છે. પોલીસની આ કામગીરીને વેપારી તથા તેના પરિવાર સહિત નગરજનોએ પણ બિરદાવી છે.

# ખોટા દસ્તાવેજ બનાવી કરી કરોડોની છેતરપિંડી

બનાસકાંઠા અને પાટણ જીલ્લાના કેટલાક લેભાગુ ઈસમોએ અન્ય માલિકની જમીન ખોટા દસ્તાવેજ બનાવી બારોબાર વેચી, આવી જ છેતરપિંડીનો ભોગ ડીસાના મહેન્દ્ર ઠાકોર બન્યા છે. જેમાં જમીન માફિયા પરેશ લખુભાઈ પટેલ રહે, સલીમપૂરા, નીતાબેન પટેલ (પરેશ પટેલની પત્ની) રહે-સલીમપૂરા, વસંતજી નાઢાજી ઠાકોર રહે- ભાટસણ, કાંતિ શંકર પટેલ.રહે-કાતરા, સુરેશ શંકર પટેલ.રહે-કાતરા, ઈશ્વરજી ઠાકોર.મંત્રી.રહે-કાતરા, દેવજી ઠાકોર.રહે - કણઝરા, સહિતના સાત જણાનીં ટોળકીએ ડીસાના મહેન્દ્ર ઠાકોર ખેતી જમીન લેવા ઈચ્છુક હોઈ તેમનો સંપર્ક સાધ્યો હતો અને પાટણ જિલ્લાના કોઈટા ખાતે તેમની ખેતીલાયક ૩૪ વીઘા જમીન સસ્તામાં આપવાનીં વાત કરી તેમને લલચાવ્યા હતા.

જોકે હકીકતમાં આ જમીનના મૂળ માલિકો ઉષાબેન કાંતિભાઈ પટેલ, હંસરાજભાઈ પટેલ અને અન્યો હતા. જેઓ આરોપીઓ તેમની જમીન વેચવા ફરતા હોવાની વાતથી અજાણ હતા. જે બાદ આ તમામ આરોપીઓએ ભેગા થઈ આ જમીનના મૂળમાલિક હંસરાજ કાળુભાઈ પટેલનું નકલી ચૂંટણીકાર્ડ બનાવ્યું હતુ અને આરોપી સુરેશ શંકર પટેલે નકલી ચૂંટણીકાર્ડ બનાવી હંસરાજ કાળુભાઈ પટેલ નામ ધારણ કર્યું જ્યારે પરેશ પટેલે પોતાની પત્ની નીતાબેન પટેલને જમીન માલિક ઉષાબેન પટેલ બતાવી આ જમીન ચાર કરોડમાં ફરિયાદીને વેચી હતી. જેમાં ફરિયાદીએ ખેતર ખરીદી પેટે આરોપીઓને અંદાજે પોણા બે કરોડ ચૂકવ્યા હતા. જોકે આરોપીઓ ખોટું બાનાખત બનાવી ભાગી છૂટ્યા બાદ ફરિયાદીને છેતરાયાનો અહેસાસ થતાં ડીસા દક્ષિણ પોલીસમાં ફરિયાદ નોંધવી હતી.

જોકે કરોડોની છેતરપિંડી કરી ભાગી છૂટેલા આરોપીઓ આટલેથી અટક્યા નહીં.અને એક છેતરપિંડી છુપાવા બીજી છેતરપિંડી નામદાર કોર્ટ મા કરી, ડીસા દક્ષિણ પોલીસમાં ફરિયાદ નોંધાતા તેમણે કોર્ટમાં ધરપકડથી બચાવ માટે આગોતરા જામીન અરજી મૂકી,જેમા પણ નકલી ઉષાબેન બનેલ મહિલાએ ઉષાબેનની ખોટી સહી કરી કોર્ટ ને પણ છેતરવાની કોશિશ કરેલ, જોકે ઓરિજિનલ ઉષાબેન પટેલને ધ્યાને આ વાત આવતા તેઓ કોર્ટે સમક્ષ સોગંદનામુ રજૂ કરતા અને કોર્ટ ના ધ્યાને આ વાત આવતા કોર્ટે તમામ વિરુધ્ધ ખોટી જાહેરાત અને સહી કરનારા આ આરોપીઓ વિરુધ્ધ નોટિસ કાઢી કાર્યવાહી હાથ ધરેલ છે.

## ભારત ૨૦૨૨...

● છેલ્લા પાનાનું ચાલુ

પ્લાસ્ટીક ક્ષેત્રે નવતર અભિગમ અપનાવાય તેવી પણ અપેક્ષા વિદ્યાર્થીઓ તેમજ ફેકલ્ટીઝ સમક્ષ વ્યકત કરી હતી. પી ડી પી યુ ખાતે મુખ્યમંત્રી તેમજ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેનની હાજરીમાં ૧૦૪૨ વિદ્યાર્થીઓને ડિગ્રી પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. જયારે ૬૧ વિદ્યાર્થીઓને મેડેલ એનાયત કરાયા હતા.

પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં આજે સાતમો દિક્ષાંત સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સમારોહ દરમિયાન ૧૦૪૨ તેજસ્વી વિદ્યાર્થીઓને ડીગ્રી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ સમારોહમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, મુખ્યમંત્રી વિજય રૂપાણી, રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ મુકેશ અંબાણી , ડી રાજગોપાલન, પી ડી પી યુના ડાયરેકટર જનરલ પ્રો સી ગોપાલક્રિશ્નન રજીસ્ટ્રાર તરૂણ શાહ સહીત વિવિધ ફેકલ્ટીઝ તેમજ વિદ્યાર્થીઓ અને વાલીઓએ સહીત શિક્ષણ અને ઉદ્યોગ જગતના મહાનુભાવોઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પી ડી પી યુ કેમ્પસમાં કોન્વોકેશન ઝભ્ભા અને ખેસ પરિધાન કરીને સજ્જ થયેલા વિદ્યાર્થીઓને મહાનુભાવોએ ડી ગ્રી પ્રમાણપત્રો એનાયત કરી શુભેચ્છા પાઠવી હતી. ચાર વર્ષના અંતે સ્નાતક થયેલા આ વિદ્યાર્થીઓને ડી ગ્રી એનાયત કરી પ્રોત્સાહીત કરાયા હતા. આ તબક્કે શૈક્ષણિક સિધ્ધિઓ બદલ ૬૧ વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરાયા હતા. આ દરમિયાન ડિગ્રી એનાયત કરવાની સાથે તેજસ્વીઓને ઓફરો પણ રજુ કરાઈ હતી. દેશના ગૃહ પ્રધાન અમિત શાહે આ પ્રસંગે વિદ્યાર્થીઓને નવા જીવનની શરૂઆતની શુભેચ્છા પાઠવી હોંસલો બુલંદ રાખી મોટુ લક્ષ્ય રાખવા માટે સલાહ આપી હતી. પી ડી પી યુ સંકુલનો વર્ષ ૨૦૦૭ માં પ્રારંભ થયો હતો આજે આ સંસ્થાએ શિક્ષણ જગતમાં વિશ્વમા સ્થાન મેળવી આ સંકુલે પ્રધાનમંત્રીનુ સ્વપ્ન સાકાર કર્યુ છે. આ તબક્કે તેમણે રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેનનો પણ આભાર માન્યો હતો. રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેને આ સંસ્થાના વિકાસ માટે ૧૫૦ કરોડ રૂપિયાનુ યોગદાન આપ્યુ હોવાનો ઉલ્લેખ કર્યો હતો. આવાનારો સમય પર્યાવરણનો છે ત્યારે ગ્લોબલ વોર્મિંગ તેમજ કલાઈમેટ ચેન્જીંગની ચિંતા કરવા આગામી દિવસોમાં સંસ્થા દ્વારા પ્લાસ્ટીક રીસાઈકલીંગ તેમજ ઈકો ફ્રેન્ડલી પ્લાસ્ટીકના પ્રોજેકટ પર કામ કરે તેવી પણ અપેક્ષા વ્યકત કરી હતી. તેમણે જણાંવ્યુ હતુ કે પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૧૪ થી દેશની અર્થ વ્યવસ્થા સુધરી રહી છે અને મોંઘવારી દર પણ ઘટી રહ્યો છે. ભારત આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં દુનિયામાં ત્રીજા નંબરે વિકસિત આર્થિક વ્યવસ્થા ધરાવતો દેશ બનશે. આ માટે માઈક્રોપ્લાનીંગથી આગળ વધવાનુ કામ થઈ રહ્યુ છે. આતંકવાદ સામે પણ દ્રઢતાપુર્વક પગલા લેવાઈ રહ્યા છે. કાશમીરને દેશનો અભિન્ન અંગ બનાવવા પી એમ એ એક ઝાટકે કામ કર્યુ છે. ૫ ટ્રીલીયન ડોલરની ઈકોનોમીનુ સ્વપ્ન સાકાર કરવા ઉર્જા અને પેટ્રોલિયમ ક્ષેત્રે આગવુ નોંધપાત્ર યોગદાન મળે તે અત્યંત જરૂરી છે. દેશ સુધારવાનુ કામ શરૂ હાથ ધર્યુ છે. જયારે ગુજરાતને પેટ્રો રાજધાની બનાવાનુ સ્વપ્ન પણ પી એમનુ છે.

પી ડી પી યુના વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાંવ્યુ હતુ કે શિક્ષા વિકાસનો મુખ્ય આધાર છે. કાશ્મીરના યુવાનો હાથમાં પત્થર લઈને ફરતા હતા હવે તેમને શિક્ષા અને દીક્ષા મળશે. તેમણે જણાંવ્યુ હતુ કે પ્રધાનમંત્રી નવા ભારતના નિર્માણ પથ પર આગળ વધી રહ્યા છે ત્યારે દેશનુ ચિત્ર બદલાઈ રહ્યુ છે. તેમણે વિદ્યાર્થીઓને સ્પર્ધાની નહીં પરંતુ સહકારનો અભિગમ મજબુત બનાવી સમાજ તેમજ દેશના વિકાસમાં જોડાવવા માટે પણ અપીલ કરી હતી. ૫ ટ્રીલીયન ડોલરની આર્થિક વ્યવસ્થા બનવા આગળ વધતા દેશમાં પોતાનો સહયોગ આપવા પણ તેમણે અપેક્ષા વ્યકત કરી હતી. આ તબક્કે રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ જણાંવ્યુ હતુ કે આ સંસ્થાને માત્ર ૧૨ વર્ષનો ટુંકો સમયગાળો થયો છે. પરંતુ સંસ્થાએ ખુબ જ ઝડપથી પ્રગતિ કરી છે. તેમણે ડીગ્રી મેળવનારા વિદ્યાર્થીઓને અભિનંદન આપતા જણાંવ્યુ હતુ કે સંસ્થાના વિદ્યાર્થીઓની પ્રગતિ પાછળ ફેકલ્ટીઝનુ યોગદાન મુખ્ય છે. તેમણે વિદ્યાર્થીઓને શુભેચ્છા આપતા જણાંવ્યુ હતુ કે આજનો દિવસ આ વિદ્યાર્થીઓ માટે યાદગાર છે. જીવનમાં સાચી દીશા મળી હોવાનુ જણાંવી નવા ભારતના ચિત્રમાં ટેકનોલોજી, ઈન્ફાસ્ટ્રકચર, આરોગ્ય,શિક્ષણ, ક્ષેત્રે મહત્વકાંક્ષાઓ સાકાર થશે દેશમાં ડીઝીટલ ટ્રાન્સફર્મેશનનો દૌર શરૂ થઈ ગયો હોવાનુ પણ તેમણે ઉમેર્યુ હતુ. ભારત ટેકનોલોજી ક્ષેત્રે વિશ્વમાં ત્રીજા ક્મે ઉભરી રહ્યુ છે. આ તેજસ્વી વિદ્યાર્થીઓ પણ યોગ્ય સમયે ગ્રેજયુએટ થયા છે. અશક્યને શક્ય બનાવાના અભિગમ સાથે આગળ વધવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ .તેમણે ગૃહમંત્રી અમિત શાહ ને સાચા કર્મયોગી ગણાંવી આયનમેન તરીકે ઓળખાવ્યા હતા.

## હાઈએલર્ટ ....

● પહેલા પાનાનું ચાલુ

અને સ્ટેક હોલ્ડરને જહાજો અને શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે મરિન કન્ટ્રોલ સ્ટેશન તથા પોર્ટ ઓપરેશન સેન્ટરને તાત્કાલિક રિપોર્ટ આપવા નિર્દેશ આપ્યો છે. નોંધનીય છે કે, મુન્દ્રા પોર્ટમાં હાલ ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ ને હટાવ્યા બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તનાવ સતત વધી રહ્યો છે. થોડા દિવસો અગાઉ અફઘાનિસ્તાનના શખસોને ટ્રેનિંગ આપીને આતંક ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે દેશમાં ઘુસાડવાના પ્રયાસ કરાઈ રહ્યાનું બહાર આવ્યુ છે. તો સરહદી જિલ્લા કચ્છમાં ગત કેટલાક દિવસોના ઘટનાક્રમ અને ઈનપુટના આધારે એલર્ટ જાહેર કરાયુ છે. તેમાંય દીન દયાલ પોર્ટ ટ્રસ્ટ, કંડલામાં અંડર વોટર એટેક થવાના ઈનપુટના આધારે હાઈ સિક્યોરીટી એલર્ટ જાહેર કરાયુ છે. ઈન્ટેલિજન્સ ઈનપુટ અનુસાર પાકિસ્તાનના ટ્રેનિંગ પ્રાપ્ત કમાન્ડો ગલ્ફ ઓફ કચ્છમાં હરામી નાળા ક્રીકથી ઘૂસ્યા છે. જેમણે અંડર વોટર એટેક માટે ટ્રેનીંગ મેળવી હોવાનું માનવામાં આવી રહ્યું છે. પોર્ટ દ્વારા આ અંગે તમામ શીપ એજન્ટ, સંગઠનો અને સંલગ્ન વ્યવસ્થાઓને સુચિત કરીને દરીયામાં કોઈપણ અયોગ્ય હલન ચલન કે શંકાસ્પદ ગતિવિધિ દેખાય તો તુરંત સુરક્ષા તંત્રને જાણ કરવા અને સતર્ક રહેવા તેમજ દરેક સ્થિતિ માટે તૈયાર રહેવાની સૂચના આપી છે. આ અંગે પૂર્વ કચ્છમાં એસપીનો ચાર્જ સંભાળી રહેલા ડી.એસ. વાઘેલાએ જણાવ્યુ હતુ કે, પોલીસ દ્વારા પોર્ટ આસપાસના તમામ સ્થળોની ચેકીંગ કરવામાં આવી રહ્યુ છે. મરીન કમાન્ડોની એક ટુકડીને પણ તૈનાત કરી લેન્ડિંગ પોઈન્ટ્સ, અગત્યના સ્થળોએ પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો છે. તેમજ મરીન પોલીસ સાથે દરીયામાં પણ પેટ્રોલીંગ કરાઈ રહ્યુ છે. કંડલા મરીનના પીઆઈ વી.એફ. ઝાલાએ પોલીસની એક અને સીઆઈએસએફની બે બોટ દ્વારા સતત પેટ્રોલિંગ કરાઈ રહ્યું છે. દરમ્યાન સીઆઈએસએફના આઈજી પણ કંડલાની મુલાકાતે આવી પહોંચ્યા હોવાનું જાણવા મળે છે. ટ્વીટર પર પાકિસ્તાનના વ્યક્તિ દ્વારા પાકિસ્તાની નેવીએ ભારતનું ૩૫ ટકા કાર્ગો વહન કરતા કંડલાને ટાર્ગેટ કરવું જોઈએની ટીપ્પણી કરાઈ છે, જેને પગલે રાજય સુરક્ષા તંત્ર અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ પણ એકદમ સતર્ક બની ગઈ છે.

## ભારત - પાકિસ્તાન ....

● પહેલા પાનાનું ચાલુ

વિનાશના કિનારે લઈ ગયા છે. પાકિસ્તાન મોદીની સામે એકમાત્ર અડચણ છે. આ મુદ્દા પર મુસ્લિમ દેશો મૌન કેમ છે તે બાબત પણ ધ્યાન આપવાની જરૂર છે. જિણાએ વર્ષો પહેલા કહ્યુ હતુ કે ભારતમાં મુસ્લિમ વિરોધી માનસિકતા રહેલી છે. તેમણે કહ્યુહતુ કે જે લોકો હજુ પણ માની રહ્યા છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે વાતચીત શક્ય છે તે લોકો ખોટી વાત કરી રહ્યા છે. તેમણે કહ્ય હતુ કે પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાનની સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સ્પીચ પર તમામની નજર રહી શકે છે. ઈમરાન ખાન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ૨૭મી સપ્ટેમ્બરના દિવસે નિવેદન કરનાર છે. પ્રધાને કહ્યુ હતુ કે ચીન જેવા મિત્રો સાથે છે તે બાબત અમારા માટે સારી છે.

## બીનજરૂરી રડે છે ....

● પહેલા પાનાનું ચાલુ

આને લઈને દેશમાં કોઈપણને ક્યારે પણ શંકા રહી નથી. વાસ્તવિકતા એ છે કે, પોક અને ગિલગિટ તેમજ બાલકિસ્તાન પર પાકિસ્તાને ગેરકાયદે કબજો જમાવેલો છે. પાકિસ્તાને હકીકતમાં પોકમાં નાગરિકોને માનવ અધિકારોના ભંગ ઉપર ધ્યાન આપીને સ્થિતિને સુધારવાના પ્રયાસો કરવા જોઈએ. રાજનાથસિંહનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાને હાલમાં જ કાશ્મીર ખીણની સ્થિતિને લઈને કેટલાક ઉશ્કેરણીજનક નિવેદનો કર્યા છે. આ ઉપરાંત પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્ર સંઘને કાશ્મીરની સ્થિતિ અંગે એક પત્ર લખીને વાંધો ઉઠાવ્યો છે. તાજેતરમાં જ પાકિસ્તાન સરકારને ભારતે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે, પાકિસ્તાન સાથે એજ વખતે વાતચીત શક્ય બનશે જ્યારે તે પોતાની ધરતી પરથી સંચાલિત આતંકવાદને ખતમ કરી નાંખશે. જો આવું થશે નહીં તો પાકિસ્તાન સાથે વાત કરવા માટેના કોઈ કારણ નથી. રાજનાથે કહ્યું હતું કે પાકિસ્તાન સાથે આગળ વાતચીત થશે પરંતુ સૌથી પહેલા પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર ઉપર વાતચીત થશે. રાજનાથસિંહે જોરદારરીતે પાકિસ્તાન ઉપર પ્રહાર કર્યા હતા. પાકિસ્તાને હાલમાં કલમ ૩૭૦ની નાબૂદી બાદ એક પછી એક અનેક એવા પગલા લીધા છે જેના લીધે સંબંધો વધુ ખરાબ થઈ શકે છે.

## ફિટનેસ એ....

● પહેલા પાનાનું ચાલુ

છે. કાર્યક્રમમાં મોદીએ કહ્યુ હતુ કે ખેલના સીધા સંબંધ ફિટનેસ સાથે જોડાયેલા છે. ફિટનેસ માત્ર એક શબ્દ નથી બલ્કે સ્વસ્થ જીવનની શરત તરીકે છે. ૨૯મી ઓગષ્ટના દિવસને ભારતમાં રાષ્ટ્રીય ખેલ દિવસ તરકે પણ મનાવવામાં આવે છે. ફિટ ઈન્ડિયા મુવમેન્ટમાં ઉદ્યોગજગત, ફિલ્મો, ખેલજગતના તમામ લોકો સામેલ થઈ રહ્યા છે. મોદીએ કહ્યુ હતુ કે પહેલા લોકો ૮-૧૦ કિલોમીટર ચાલતા જતા હતા. પરંતુ આજે ટેકનોલોજીના કારણે અમે એવા ફસાયા છીએ કે હવે ટેકનોલોજીની મદદથી જાણવા મળે છે કે અમે કેટલા પગલા ચાલી ગયા છીએ. ખેલાડીઓના મેડલ ભારતના આત્મવિશ્વાસને સ્પષ્ટરીતે રજૂ કરે છે. આના કારણે નવી પેઢીને પ્રેરણા મળે છે. ફિટ ઈન્ડિયા મુવમેન્ટની શરૂઆત કરાવતા મોદીએ કહ્યુ હતુ કે તમામની અંદર હજુ વિદ્યાર્થીઓ જીવિત છે. ફિટ ઈન્ડિયા મુવમેન્ટમાં સામેલ થવા માટે કેન્દ્રિયપ્રધાન રિજ્જુએ અપીલ કરી હતી.હાલમાં મન કી બાત કાર્યક્રમમાં પણ મોદીએ ફિટ ઈન્ડિયા મુવમેન્ટને લઈને ચર્ચા કરી હતી. અભિયાનને આગળ લઈ જવા માટે જુદા જુદા મંત્રાલયનો સાથ લેવામાં આવનાર છે. મોદીએ કહ્યુ હતુ કે આજે ભારતમાં ડાયાબિટીસ, હાઈપરટેન્સન જેવી અનેક લાઈફસ્ટાઈલ બિમારી થયેલી છે. આપની આસપાસ જ આવા રોગથી ગ્રસ્ત લોકો મળી જશે. પહેલા ૫૦-૬૦ની વય બાદ અટેક આવતા હતા. હવે ૩૫-૪૦ વર્ષની વયમાં પણ અટેક આવી રહ્યા છે. આજે લાઈફસ્ટાઈલ ખરાબ થવાના કારણે સમય કરતા પહેલા લોકોના મૃત્યુ થઈ રહ્યા છે.